ગાંધીનગર સમાચાર
તા. ૭-૭-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

લોક આંદોલનનો પરચો બતાવતા અમદાવાદીઓ

ગુજરાતની હૃદયસ્થલી સમી અહમદશાહની નગરી છેલ્લાં કેટલાંક વર્ષોથી તદ્દન શાંત બલકે અડધીપડધી તંદ્રામાં સરી પડી હોય એવું લાગ્યા કરતું હતું. આ એ જ અમદાવાદ છે જે સ્વાતંત્ર્ય ચળવળનું નર્વ સેન્ટર બની રહ્યું હતું. દક્ષિણ આફ્રિકામાં સફળ સત્યાગ્રહ કરીને સ્વદેશમાં પાછા ફરેલાં ગાંધીજી આ દધીચિ ઋષિની તપોભૂમિમાં જ આઝાદીનું તપ તપવા બેઠા હતા. આખા દેશની નજર ત્યારે અમદાવાદ ભણી મંડાયેલી રહેતી. આખરે એક દિવસ મીઠાનો કાયદો તોડવા એ મૂઠી હાડકાંનો માનવી સાબરમતી આશ્રમથી ચુનંદા સાથીદારો સાથે દાંડીના દરિયા તરફ કૂચ કરી ગયો હતો અને બોલ્યો હતો : કાગડા કૂતરાની જેમ રઝળી - રવડીને મરીશ પણ સ્વરાજ લીધા વગર આ ધરતી પર પાછો નહીં ફરું - આંદોલનનાં આ વાઈબ્રેશન ઈન્દુલાલ યાજ્ઞિકની હવામાં વીંઝાતી મૂઠી સાથે તીવ્ર બન્યાં અને મહાગુજરાત ચળવણમાં અનેક લીલુડાં માથાં વધેરાયાં પછી આપણને આ ગરવી ગુજરાત મળી. કવિએ ઉલ્લાસપૂર્વક ગાયું : 'મળતં મળી ગઈ મોંગેરી ગુજરાત / ગુજરાત મોરી મોરી રે!' ગુજરાતમાં ગુજરાત સરકાર સામે પણ જે આંદોલનો થયાં તે અમદાવાદથી શરૂ થઈ આખા રાજયમાં અને કવચિત્ દેશભરમાં ફેલાયાં. અનામત આંદોલનોએ ગુજરાતના રાજકારણને નવો વળાંક આપ્યો તે વળી નવનિર્માણ આંદોલને ગુજરાતના મીઢાં રાજકારણીઓનું માથું લઈને સંતોષ નહોતો માન્યો. નવનિર્માણ આંદોલનમાંથી સમાજવાદી નેતા જયપ્રકાશ નારાયણને રાષ્ટ્રીય સ્તરે ઈન્દિરા ગાંધીની જોહુકમી સામે જંગ છેડવાની પ્રેરણા સાંપડી હતી અને એ આંદોલનને અંતે દેશને પહેલાં ગુજરાતી વડાપ્રધાન સાંપડ્યા હતા! આ બધો ઈતિહાસ વાગોળવા પાછળનું રહસ્ય એટલું જ કે છાસવારે રસ્તા પર અને શેરીઓમાં ઉતરી પડતું અમદાવાદ છેલ્લા દોઢેક દાયકાથી તદ્દન ડાહ્યું ડમરું બની ચૂપચાપ ભાજપના ભગવા રંગે રંગાઈ ભજનભાવમાં સરી ગયું હતું. બહુ બહુ તો થોડાક કોંગ્રેસી ભેગા થઈને ગાંધીજી કે ઈદુંચાચાની પ્રતીભા આગળ દેખાય પૂરતા હાકલા - પડકારા કરતાં; સાબરમતી આશ્રમની ફૂટપાથ પર ઉપવાસ પર ઊતરતા પરંતુ એમાં કયાંક અમદાવાદી જોમ કે ઝનૂન નહોતું વરતાતું. આ પ્રજાકીય જોમ એકાએક અમદાવાદની શહેરી બસ સેવાની સાથે મહાનગરપાલિકાએ ચેડાં કરવાની ચેષ્ટા કરી કે ભારેલા અગ્નિની જેમ ભભૂકી ઊઠ્યું. અમદાવાદ જાણે ઘેરી ઊંઘમાંથી જાગ્યું - પોતાના હકની રક્ષા કાજે. એએમટીએસ એ અમદાવાદને ધબકતી રાખતી જીવનરેખા છે. બીઆરટીએસને ઘરાકી ખટાવવાના કુત્સિત ઉદ્દેશથી શહેરી લાલ બસનાં રૂટ બદલવામાં કે ઓછા કરવામાં આવ્યા કે તરત જ અદના અમદાવાદીમાં પડેલો આંદોલનકારી સળવળી ઊઠ્યો. રાજકારણીઓ પ્રજાકીય સુવિધાઓની વાસ્તવિકતાથી વાકેફ નથી હોતા. ભાગ્યે જ કોઈ કોર્પોરેટર, ધારાસભ્ય કે સાંસદ છેલ્લા દોઢ-બે દાયકાથી લાલ બસમાં બેસીને લાલ દરવાજાથી વાસણા કે સેટેલાઈટ ગયો હશે. આમ અમદાવાદી માટે આ લાલ બસ એ મુંબઈની વીજળીક ટ્રેન જેવી સુવિધા છે. એને દોડતી બસમાં ચડી જતાં, ઊભાં ઊભાં મુસાફરી કરતાં અને ઉતાવળે જંપ મારીને ઊતરી જતાં આવડે છે. લાલ બસના વિકલ્પે બીઆરટીએસ જરા વધુ સુવિધાયુક્ત મુસાફરી લાગે, પરંતુ લાલ બસની જેમ એ મહારાણી ખૂણે ખાંચરે થોડાં ફરવાનાં હતાં? આથી ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના અમદાવાદીને લાલ બસના પગમાં બેડી નાખવાની ભાજપનાં માનુની મેયરાણીની હરકત પસંદ ન જ આવે તે સ્વાભાવિક હતું. આંદોલનનો પરચો મળતાંની સાથે જનતાની નાડ પારખીને મહિલા મુખ્યમંત્રીએ મહિલા મેયરને ઠપકો આપ્યો અને ઘીના ઠામમાં ઘી પડી ગયું. અલબત્ત, એક મેસેજ જરૂર મળી ગયો : આ અમદાવાદીઓ ના સતાવ્યા જ સારા! એક વાર બગડી બેઠા તો પછી એ ભલભલા ભૂપનીય સાડા બારી નહીં રાખે, એ નક્કી!

ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૪મી જન્મજયંતિ નિમિત્તે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ વિધાનસભા ખાતે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોક પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલ, કોર્પોરેટર કાર્તિક પટેલ, નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગરના સંયોજક રજનીકાંત સુથાર તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

રાજ્યમાં માત્ર ૧૨.૭૮ લાખ હેક્ટર વિસ્તારમાં જ વાવણી

સૌરાષ્ટ્રમાં તમામ બંધમાં પાણીની સપાટી ચિંતાજનક રીતે ઘટી : વરસાદમાં વધુ વિલંબ જટિલ સમસ્યા ઉભી કરશે

અમદાવાદ,તા.૬

ગુજરાતમાં મોનસુનમાં વિલંબના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. મોનસુનની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. મોનસુન સમયસર ન બેસતા ખેડૂત સમુદાય પણ ચિંતાતુર છે. રાજય સરકારના અધિકારીઓના જણાવ્યા મુજબ અમરેલી જિલ્લામાં આ વર્ષે હજુ સુધી તેના સરેરાશ વાર્ષિક વરસાદની સામે માત્ર ૧.૧૪ ટકા જેટલો વરસાદ થયો છે. ગયા વર્ષે પહેલી જુલાઈ સુધીના ગાળામાં તેના સરેરાશ વાર્ષિક વરસાદની સામે ૩૩ ટકા વરસાદ થઇ ગયો હતો.

કૃષિ વિભાગમાં સૂત્રોએ કહ્યું છે કે, આ વર્ષે માત્ર ૧૨.૭૮ લાખ હેક્ટર જમીનમાં વાવણીની પ્રક્રિયા થઇ છે જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં ૪૩.૬૯ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણીની પ્રક્રિયા થઇ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ સૌરાષ્ટ્રમાં ખેડૂતો કપાસ, મગફળી અને ઘાસચારાની વાવણી કરી ચુક્યા છે. દુષ્કાળ જેવી કટોકટીનો સામનો કરવા માટે જિલ્લા વહીવટી તંત્રને કોન્ટીજેન્સી યોજના તૈયાર કરવા રાજ્ય સરકારે સૂચના આપી છે. સૌરાષ્ટ્ર પ્રદેશમાં તમામ બંધમાં પાણીની સપાટી ચિંતાજનકરીતે ઘટી રહી છે. સૌરાષ્ટ્રમાં તમામ બંધમાં માત્ર ૧૧.૮૨ ટકા પાણી ઉપલબ્ધ છે. જો વરસાદમાં વધુ વિલંબ થશે તો મુખ્ય શહેરો અને ગામડાઓને નર્મદા પાણી ઉપર આધાર થવાની ફરજ પડશે. કારણ કે, પરંપરાગત પાણીના સંસાધનો સુખાઈ રહ્યા છે. દરમિયાન આજે હવામાન વિભાગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૯.૭ અને લઘુત્તમ તાપમાન ૨૮.૧ ડિગ્રી રહ્યું હતું. અમદાવાદ શહેરમાં આવતીકાલે આકાશ વાદળ છાયું રહેશે.

હરિની દૃષ્ટિ...

લે આ માર્બલ, ઘણા સમયથી કીચન અપડેઝટ કરવાનું વિચારતો હતો, ત્યાં ટુકડો મળી ગયો.. !!

વય નિવૃત્ત થતા પાટનગર યોજના વિભાગના ક્લાર્કનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર,તા. ૬

ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ પાટનગર યોજના વિભાગમાં ફરજ બજાવતા ગુણવંતભાઈ ચૌહાણ ગત તા. ૩૦ જૂનના રોજ નિવૃત્ત થતા વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. પાટનગર યોજના વિભાગમાં ફરજ બજાવતા ગુણંતભાઈ સરકારમાંથી વય નિવૃત્ત થતા વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુણવંતભાઈનું સન્માન મહેન્દ્રભાઈ દ્વારા ફુલછડી અને સ્વામી વિવેકાનંદના જીવનનું પુસ્તક આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેમજ શાખાના કર્મચારીઓ દ્વારા ગુણવંતભાઈની સેવાઓને બિરદાવી સ્વાસ્થ્ય સારૂ રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

બીજે મેડિકલમાં ૨૩ ટકા જગ્યાઓ હજુ પણ ખાલી

મંજુર કરવામાં આવેલી ૮૨૯ જગ્યા પૈકી અમદાવાદમાં ૧૯૧ જગ્યાઓ ખાલી : સરકારે ગૃહમાં માહિતી આપી

અમદાવાદ,તા. ૬

અમદાવાદ શહેરની બીજે મેડિકલ કોલેજમાં ૨૩ ટકાથી વધુ સ્ટાફ જગ્યાઓ હજુ પણ ખાલી હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ વડોદરા મેડિકલ કોલેજમાં ૩૧ ટકા સ્ટાફની જગ્યા ખાલી હોવાના અહેવાલ મળ્યા છે.

બીજે મેડિકલ કોલેજમાં ૨૩ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોવાના કારણે કામગીરીને પ્રતિકુળ અસર થઈ રહી છે. આ જગ્યાઓને ભરવા માટે પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ ગતિ ખુબ જ ધીમી દેખાઈ રહી છે. મંજુર કરવામાં આવેલી ૮૨૯ જગ્યાઓ પૈકી ૧૯૧ જગ્યાઓ અમદાવાદમાં ખાલી છે. રાજ્ય સરકારે આ અંગેની લેખિતમાં માહિતી આપી છે. આ ૧૯૧ જગ્યાઓ પૈકી ૧૦૩ જેટલી જગ્યાઓ છેલ્લા એક વર્ષથી ખાલી છે જ્યારે ૨૫ જગ્યાઓ બે વર્ષથી ખાલી હોવાનું સરકારે જણાવ્યું છે. બાકીની ૬૩ જગ્યાઓ બે વર્ષથી પણ વધુ સમયથી ખાલી હોવાનું જાણવા મળ્યું છે.

સરકાર દ્વારા આ અંગેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અમદાવાદમાં ક્લાસ વન કેડરમાં ૮૧, ક્લાસ ટુમાં ૩૯ અને ક્લાસ ત્રણમાં ૭૧ જગ્યાઓ ખાલી છે. જો કે, આશ્ચર્યજનક બાબત એ છે કે, અમદાવાદ અથવા વડોદરા બંનેમાં ક્લાસ ચારની કોઈ જગ્યા ખાલી નથી. અમદાવાદની જેમ જ વડોદરામાં મંજુર કરવામાં આવેલી ૭૪૭ જગ્યા પૈકી ૨૩૫ જગ્યાઓ હજુ ભરવામાં આવી નથી. છેલ્લા એક વર્ષથી ૯૩, બે વર્ષથી ૫૪ અને બાકીની ૮૮ જગ્યાઓએ બે વર્ષથી વધુ સમયથી ખાલી છે. રાજ્ય સરકારે વિધાનસભામાં આ અંગેની માહિતી આપ્યા બાદ જાણવા મળ્યું છે કે, અતિ પ્રતિષ્ઠિત કોલેજોમાં જગ્યાઓ ખાલી હોવાના કારણે જુદી જુદી સેવાઓને માઠી અસર થઈ રહી છે. બીજે મેડિકલમાં ૨૩ ટકા જગ્યાઓ ખાલી રહેલી છે તેને ભરવાની જરૂર છે.



જ્ઞાનકુંભ

- દર્શન માર

વર્તમાન પ્રવાહો

૧. તાજેતરમાં ગુજરાત કેડરના કયા સનદી અધિકારીની રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સેક્રેટરી જનરલ તરીકે નિમણૂંક કરવામાં આવી છે?
→ રાજેશ કિશોર

૨. ICC નવા અધ્યક્ષ પદે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે?
→ એન. શ્રીનિવાસન

૩. ટ્રુથ લવ એન્ડ મલિસ આત્મકથા કોની છે?
→ ખુશવંતસિંહ

૪. દુનિયામાં સૌથી છેલ્લે કઇ ખનીજ શોધાઇ છે?
→ યુક્રી યુનીસાઇટ

૫. વર્ષ ૨૦૧૪માં નાશા સંસ્થાનું કયું અભિયાન નાસ થયું હતું?
→ લેડી

૬. વર્ષ ૨૦૧૪ કયા દેશે ૨૦૧૯ના એશિયન ગેમ્સની યજમાની કરવાની ના પાડી હતી?
→ વિયેતનામ

૭. વર્ષ ૨૦૧૪ પુલિત્ઝર પ્રાઇઝ મેળવનાર વ્યક્તિ કોણ છે?
→ વિજય સોસાંદ્રી

૮. ગત ફોર ગ્લોરી સંસ્થાના સ્થાપક કોણ છે?
→ ગગન નારંગ

૯. વર્ષ ૨૦૧૪માં ભારતમાં અલગ ટાઇમ ઝોન જાહેર કરનાર રાજય કયું છે?
→ આસામ

૧૦. ભારતમાં પ્રથમ મહિલા પોસ્ટ ઓફિસ કયાં શરૂ કરવામાં આવી છે?
→ દિલ્હી

૧૧. વર્ષ ૨૦૧૪માં NABARD (નાબાર્ડ) ના અધ્યક્ષ પદે કોની વરણી કરવામાં આવી છે?
→ હર્ષકુમાર ભાનવાલ

૧૨. હર્ષ ૨૦૧૪ દિલ્હીના પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
→ જી. રોહીણી

૧૩. ભારતનું સૌથી પ્રદૂષિત શહેર કયું છે?
→ ન્યુ દિલ્હી

૧૪. IPL સીરીઝમાં ૧૦૦ મેચો સૌ પ્રથમ રમનાર ખેલાડી કોણ છે?
→ સુરેશ રૈના

૧૫. તાજેતરમાં પૃથ્વી જેવો નવો શોધાયેલ ગ્રહ કયો છે?
→ કેપ્લર-૧૮૬ એફ

૧૬. તાજેતરમાં વિશ્વના કયા દેશમાં ચૂંટણી દરમિયાન બેલેટ પેપર ખુટી પડવાની ઘટના બની હતી?
→ અફઘાનિસ્તાન

૧૭. તાજેતરમાં RBIના ડેપ્યુટી ગર્વનર તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ આર. ગાંધી

૧૮. તાજેતરમાં RBIના ડેપ્યુટી ગર્વનર પદેથી કોણે પોતાનું રાજીનામું આપી દીધું હતું?
→ કે. એસ. ચક્રવર્તી

૧૯. T-૨૦ મહિલા વર્લ્ડ કપ ટીમમાં સ્થાન મેળવનાર ભારતીય મહિલા ક્રિકેટર કોણ છે?
→ પુનમ યાદવ

૨૦. વર્ષ ૨૦૧૪માં ગુજરાતમાં મહિલાઓને પોલીસમાં કેટલા ટકા આરક્ષણ આપવાની જાહેરાત કરાઇ છે?
→ ૩૩ ટકા

ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૮ (ક)ના સાથે જ ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૧૩(એ) નવી ઉમેરવામાં આવી છે જે સંદર્ભેની અંદર કેટલાક મહત્ત્વપૂર્ણ ચુકાદાઓ અંગે ચર્ચા

મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૮ (ક) ના સાથે જ ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૧૩ (એ) નવી ઉમરવામાં આવી છે જે સંદર્ભેની અંદર કેટલાક મહત્વપૂર્ણ ચુકાદાઓ અંગે ચર્ચા કરી જે સંદર્ભે આગળ જોઈએ તો,

ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૮(ક) સંદર્ભમાં ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૧૩ માં પણ જરૂરી સુધારો આમેજ કરી અને ૧૧૩ (એ) નવી ઉમેરવામાં આવેલ છે. ભારતીય પુરાવા અધિનિયમન કલમ ૧૧૩ (એ) પરણીત સ્ત્રી દ્વારા આપઘાતની કોશિષ સંબંધી માની લેવા બાબત છે, જયારે પરણીત સ્ત્રી દ્વારા આપઘાત કરવામાં આવે ત્યારે આપઘાત કરવામાં તેણીના પતિએ અથવા તેણીના પતિના કોઈ સગાએ મદદ કરી હતી અને એમ દર્શાવવામાં આવે કે તેણીના લગ્નની તારીખથી ૭ વર્ષની અંદર તેણીએ સમાધાન કરવાની કોશિષ કરી હતી અને આવી પરિણીત સ્ત્રીના પતિ અથવા તેણીના પતિના આવા સગા આપઘાત કરવા (આવું ઘાતકીય કૃત્ય કરવા) તેણીને ફરજ પાડી હતી તો

અદાલત કેસના બીજા સંજોગોને ધ્યાનમાં લઈને એવું અનુમાન કરી સકશે કે આવી સ્ત્રીને આ પ્રમાણે આપઘાત કરવામાં તેણીના પતિ અથવા તેણીના પતિના સગાએ મદદગારી કરી હતી.

આ કલમના હેતુ માટે ઘાતકીય કૃત્ય અથવા ક્રૂરતાનો ભારતીય ફોજદારીધારાની કલમ ૪૯૮ (એ) માં જે અર્થ આપ્યો છે તે થશે. પુરાવાના કાયદામાં આ સુધારો ૧૯૮૩ ના ડિસેમ્બર મહિનાની ૨૫મી તારીખથી અમલમાં આવેલ છે અને આ કલમ સને ૧૯૮૩ ના ૪૬ માં અધિનિયમથી દાખલ કરી છે.

પુરાવાના કાયદામાં આ કલમ ઉમેરીને પરિણીત સ્ત્રીઓને તેઓના લગ્નજીવનના ૭ વર્ષની અંદર આપઘાત કરવાની ફરજ પડે ત્યારે તેણીના પતિએ અથવા તેણીના પતિના સગાને આપઘાતમાં મદદ કરી હોવાનું માની લેવામાં આવશે. પરિણીત સ્ત્રીઓને જે શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થાય છે જેમકે બળી જવું, કુવામાં પડીને આપઘાત કરવો, ગળેફાંસો ખાઈને આપઘાત કરવો, ઝેર પી ને આપઘાત કરવો, આ પ્રમાણે કોઈપણ રીતે સ્ત્રીઓને ત્રાસ આપી તેમનું મૃત્યુ નીપજાવવામાં તેના પતિ અથવા પતિના સગાવહાલાઓ મદદ કરતા હોય છે.

આલામુરી લલીતા દેવી વિરુધ્ધ આંધ્રપૂદેશ સરકારનો ચુકાદો જોઈએ તો, (૧૯૯૪) ૩ ક્રાઈમ્સ, (એ.પી.) પાના નં.૭૬૧, (એમ. રંગા રેડી જે.), આ કેસમાં પણ આરોપી તરફે ગુજરનારના સાસુ-સસરા ગુજરનારના પતિ તથા ભાઈને જોડવામાં આવેલ. પરિણીત સ્ત્રીનું સાસરી પક્ષમાં શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થાય અને ગુજરનારના માતાપિતા અથવા તો ઘરના કોઈપણ સભ્યો જો આ મૃત્યુ સંદર્ભે ફરિયાદ કરે તો આ ફરિયાદમાં અદાલતનું વલણ કયા પૂકારનું રહે છે તે દર્શાવતો આ કેસ છે. આ કેસની વિગતવાર ચર્ચા કરીએ તો,

ગુજરનાર એ કાયદાવિદ્યાશાખાના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી અને તેણીનું લગ્ન આરોપી સાથે તા.૦૧/૦૬/૧૯૮૬ ના રોજ થયેલ. લગ્ન સમયે તેણીના માતાપિતા તરફથી ઘરેણાં અને ચીજવસ્તુઓ ભેટરૂપે આપવામાં આવેલા તેમજ રોડક રકમ દહેજ સ્વરૂપે આરોપી - પતિને આપવામાં આવેલ. લગ્ન બાદ ગુજરનારના પતિ તથા સસરાને તેણી ભણતી હતી તે ગમતું ન હતું અને તેથી તેઓએ ભણવાનું છોડી દેવા માટે સમજાવેલ. આ સંદર્ભે ગુજરનારને મનમાં ઘણો અસંતોષ ઉભો થયેલ. આ ઉપરાંત ગુજરનારના પતિને સ્કૂટર લેવું હતું અને આથી પણ પતિ અને સસરા તરફથી પિતા પાસેથી સ્કૂટર માટે પૈસા લઈ આવવા દબાણ કરવામાં આવતું અને આમ પતિ તરફે ગુજરનાર પાસેથી રૂા.૨૫,૦૦૦/- રોકડા લઈ આવવા પણ દબાણ કરવામાં આવતું કે જે રકમ પતિએ ફાઈનાન્સ કોર્પોરેશનમાં રોકાણ કરવી હતી. પત્ની તરફેથી આ પૂકારની બાબતોની પુરતી ન થતાં પતિ એવું જણાવતો કે જો તેના બીજે લગ્ન થયા હોત તો તેને વધારે દહેજ મળી શકયો હોત અને આમ પત્નીને પતિ તથા સાસરી પક્ષના સભ્યો તરફથી ત્રાસ આપવામાં આવતો હતો. ગુજરનાર પત્નીએ આ બધી વાત તેના પિતા, ભાઈ તેમજ તેણીના પીયર પક્ષમાં પાડોસીઓને પણ જણાવેલ. ગુજરનાર પત્નીને ડાયરી લખવાની પણ ટેવ હતી જેને કારણે તેણીએ જે પોતાની રોજનીસી લખેલ તેમાં તેણીને જે ત્રાસ થયેલ તે બધું જ વર્ણન લખેલ. ગુજરનારના માતાપિતા એ પેડના નામના ગામડામાં રહેતા હતા. આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવાઓ આપવામાં આવેલ.

આ કામમાં ગુજરનાર દિકરીના માતાપિતાને તપાસવામાં આવેલ અને તેઓએ જણાવેલ કે, તેઓની દિકરીનો પતિ એ તેણીને દહેજ સંદર્ભે હેરાન કરતો હતો અને એ પૂમાણે દહેજ નહિં આપવાને કારણે એમ પણ કહેતો હતો કે જો તેણે બીજે લગ્ન કર્યા હોત તો વધારે દહેજ મેળવી શકત. તેઓએ એમ પણ જણાવેલ કે તેઓની દિકરીનું મૃત્યુ થયેલ છે તેની ખબર આપવા તેણીના પતિનો ભાઈ આવેલ અને તેઓએ માત્ર એમ જણાવેલ કે તેઓની દિકરીની તબીયત ઘણી ગંભીર છે. ખરા અર્થમાં ગુજરનાર ગર્ભવતી સ્થિતિમાં હતી અને તેણીને જયારે હોસ્પિટલ લઈ જવામાં આવેલ ત્યારે અર્ધબેભાન અવસ્થામાં હતી. તેણીને જયારે મોટી હોસ્પિટલમાં લઈ જવામાં આવતી હતી તે પહેલા જ મૃત્યુ પામેલ. તેણીના માતાપિતા જયારે તેણીના સાસરે પહોંચેલ ત્યારે તેઓએ તેણીની દિકરીને મૃત અવસ્થામાં જોયેલ. તેઓને એમ જણાવવામાં આવેલ કે તેણીનું પેટના દર્દને કારણે અવસાન થયેલ છે. તેઓની દિકરીને કપડાથી ઢાંકી દીધેલ અને તેણીના મૃત દેહને જોવા દેવામાં આવેલ નહીં. જેથી તેઓએ તા.૦૭/૦૪/૧૯૮૭ ના રોજ પોલીસ ફરિયાદ કરવાનું નકકી કરેલ પરંતુ તેઓના કુટુંબના વડિલોએ આમ ફરિયાદ કરતા રોકેલ અને જણાવેલ કે, જો ફરિયાદ કરવામાં આવશે તો ફરિયાદને કારણે તેઓની દિકરી પાછી મળવાની નથી તેમજ વડિલોએ એવી ખાત્રી આપેલ કે તેઓની દિકરીને આપેલ ઘરેણા અને ચીજવસ્તુઓ પરત અપાવી દેશે, તેઓએ એમ પણ જણાવેલ કે જો ફરિયાદ કરવામાં આવશે તો ગુજરનારનો શબ એ પોસ્ટમોટમ માટે મોકલી દેવામાં આવશે.

આ બાબત સંદર્ભે ગુડલા ગામના આગેવાનોની હાજરીમાં રોડક રકમ રૂા.૬૦,૦૦૦/- અને ઘરેણા અને ચીજવસ્તુઓ તા.૧૦/૦૪/૧૯૮૭ ના રોજ પરત આપવામાં આવેલ. ગુજરનારની અંતિમ વિધિ જ્ઞાતિના રિવાજ મુજબ કરવામાં આવેલ. ગુજરનારના પતિપક્ષ તરફથી ગુજરનારની ચીજવસ્તુઓ જયારે તેણીના માવતર પક્ષે પરત મોકલવામાં આવેલ ત્યારે તેણીની અંગત લખેલી નોટબુક અને પત્રો મળી આવેલ જેમાં સ્પષ્ટ દર્શાવેલ કે ગુજરનારનો પતિ પક્ષ તરફથી ત્રાસ હતો જેથી આ બાબતને આધારે ગુજરનાર દિકરીનું પતિ તથા સાસરી પક્ષના દહેજના ત્રાસ સંદર્ભે અવસાન થયેલ છે તે પૂકારની ફરિયાદ દાખલ થઈ. નીચેની અદલાતમાં કેસ ચાલ્યો અને ચુકાદામાં અદાલતે નોંધ્યુ કે ગુજરનારને તેના સાસુ, તેના પતિ અને સસરા તરફથી દહેજના કારણે ત્રાસ હતો તેમજ તેણીને અભ્યાસ છોડાવી દેવા સંદર્ભે પણ માનસિક ત્રાસ આપવામાં આવેલ. અદાલતે એ પણ નોંધ્યું કે ગુજરનારનું અકુદરતી મૃત્યુ થયું છે તેનો કોઈ પુરાવો રજૂ થયેલ નથી. આ બધી બાબતને આધારે નીચેની અદાલતે ગુજરનારના પતિના ભાઈને છોડી મુકયો પરંતુ ગુજરનારના પતિ, સાસુ તથા સસરાનો ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ (એ) નીચે કસુરવાર ઠરાવીને એક વર્ષની સખત કેદની સજા અને રૂા.૧૦૦૦/- નો દંડ કર્યો.

ઉપરોકત હુકમ સામે સેશન્સ અદાલતમાં પતિ, સાસુ તથા સસરા તરફથી અપીલ કરવામાં આવી જે અપીલ સેશન્સ અદાલતે રદ કરી જેથી પતિ, સાસુ તથા સસરાએ સેશન્સ અદાલતના હુકમ સામે આંધ્રપ્રદેશ હાઈકોર્ટ સમક્ષ રીવીઝન અરજી દાખલ કરી. આંધ્રપૂદેશ હાઈકોર્ટ સમક્ષ અગત્યના મુદાઓ ઉપસ્થિત થયા. હાઈકોર્ટ સમક્ષ એ બાબત પણ પૂકાશમાં આવી કે, આ કામમાં પતિ તરફથી સ્કૂટરની અને રોકડ રકમની માંગણી કરવામાં આવી હતી. આ બાબત ગુજરનારે તેના પિયરમાં એક પત્ર લખેલ જેમાં જણાવેલ કે તેણીનો પતિ પિતા પાસેથી સ્કુટર લઈ આવવાની માંગણી કરતો હતો તથા તેણીએ ડાયરીમાં લખેલ કે જો તેણી મૃત્યુ પામે તો તેના પતિને બીજી પત્ની પાસેથી બે થી ત્રણ લાખ રૂપિયા દહેજના મળી શકશે. આમ આ વિષય સંદર્ભે આંધ્રપ્રદેશ હાઈકોર્ટે આરોપી પતિની સજા કન્ફર્મ રાખેલ અને સાસુ તથા સસરાને છોડી દેવાનો હુકમ કરેલ અને આમ આ કામમાં માત્ર પતિને કસુરવાર ઠરાવેલ. કાયદાની અન્ય કલમો, તેમના વિવરણ તથા કેસોના ઉદાહરણો સાથે મળીએ આવતે અંકે...